# રેડિમેડ ગારમેન્ટના પ્રતિષ્ઠિત વેપારી સાથે 1.33 લાખની ઠગાઈ

**જિગર** કીર્તિભાઇ પટેલ સાથે ક્રેડિટકાર્ડની લિમિટ વધારવાના નામે છેતરપિંડી

સુરતઃ પીપલોદમાં રહેતા શહેરના પ્રતિષ્ઠિત કાપડ વેપારી ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા હોવાની ઘટના સામે આવી છે. ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની લાલચ આપી અજાણ્યા શખ્સે વેપારીના કાર્ડમાંથી કુલ 1,33,773ની રકમ બારોબાર ટ્રાન્સફર કરી લીધી હતી.

મળતી માહિતી મુજબ, પીપલોદ રોડ પર જીન્જર હોટલ સામે આવેલ ફોર સિઝન એપાર્ટમેન્ટમાં રહેતા 40 વર્ષીય વેપારી જીગરભાઈ કિર્તીભાઈ પટેલ ગત તારીખ 18 માર્ચના રોજ રાત્રિના સમયે પોતાના ઘરે હતા. તે દરમિયાન રાત્રે અંદાજે 9:50 વાગ્યે તેમના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર (+91 6264-820773) પરથી ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં ICICI બેંકના ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવા માટેની પ્રોસેસ કરવાની લાલચ આપવામાં આવી હતી.વેપારી ક્રેડિટ વધારવાની લાલચમાં આવી પ્રોસેસ શરૂ કરી હતી.જ્યારે વેપારી આ પ્રોસેસ સમજી રહ્યા હતા, તે દરમિયાન તેમની જાણ બહાર જ તેમના ક્રેડિટ કાર્ડ માંથી પ્રથમ 82,322.24 અને ત્યારબાદ 51,451.40 એમ મળીને કુલ 1,33,773.64 ના ટ્રાન્ઝેક્શન થઈ ગયા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા જીગરભાઈએ તુરંત પોલીસનો સંપર્ક સાધ્યો હતો.આ મામલે ઉમરા પોલીસે અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### અલથાણમાં મનપાના પ્લોટમાં કચરાના ઢગલા

# સ્વચ્છતા સરવે વચ્ચે હકીકત

**દુર્ગંધ,** મચ્છરો અને આગના ખતરા વચ્ચે રહીશો ત્રાહિમામ્



સુરતઃ અલથાણ વિસ્તારમાં મનપાના પ્લોટમાં કચરાના ઢગલા સર્જાતાં રહીશો ભારે પરેશાન થઈ રહ્યા છે. શહેરના પોશ વિસ્તારમાં આવી સ્થિતિ સર્જાતાં મનપાના સ્વચ્છતાના દાવા પર સવાલો ઊભા થયા છે. આ પ્લોટમાં છેલ્લા ઘણા સમયથી ગાર્ડન વેસ્ટ, સૂકાં પાંદડાં, ડાળીઓ તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો કચરો ઠાલવાતો રહ્યો છે, જેના કારણે સ્થળ મિનિ ડમ્પિંગ સાઈટમાં ફેરવાઈ ગયું છે.

સૂકો કચરો મોટી માત્રામાં હોવાને કારણે આગ લાગવાનો ખતરો વધ્યો છે. ઉનાળાની શરૂઆત સાથે જ અહીં કોઈ પણ સમયે આગની ઘટના બની શકે તેવી ભીતિ સ્થાનિકોમાં વ્યાપી છે. રહીશો જણાવે છે કે અગાઉ પણ અહીં આગ લાગવાના બનાવો બની ચૂક્યા છે. કચરામાંથી ઊઠતી દુર્ગંધ અને મચ્છરોના ઉપદ્રવને કારણે આસપાસની રહેણાક સોસાયટીઓમાં રહેતા હજારો પરિવારોનું આરોગ્ય જોખમમાં મુકાયું છે. સુરતના ખજોદ ડમ્પિંગ સાઈટ મુદ્દે પહેલાથી જ વિવાદ ચાલી રહ્યો છે, ત્યારે શહેરની અંદર જ આવી બીજી સ્થિતિ ઊભી થવી ચિંતાજનક છે. કરોડો રૂપિયાના ખર્ચે કચરો વ્યવસ્થાપન છતાં, પોતાના પ્લોટમાં જ ગંદકી થવા દેવી મનપાના તંત્રની બેદરકારી દર્શાવે છે.

# રિક્ષામાં વૃદ્ધ મહિલાઓના દાગીના ચોરતી ગેંગ ઝડપાઇ

**ક્રાઈમ** બ્રાંચે 12.57 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

**જહાંગીરપુરા,** અડાજણ, પાલ વિસ્તારમાં ચોરીના અંદાજે 14 ગુનાનો ભેદ ઉકેલાયો

સુરતઃ રિક્ષામાં વૃધ્ધાઓને ટારગેટ કરી દાગીના ઉતરાવી લેતી ગેંગને ક્રાઇમ બ્રાંચે ઝડપી લીધી છે.

મળતી માહિતી મુજબ આ ગેંગનો સૂત્રધાર શંકર સોલંકી રિક્ષા હંકારી લાવતો અને બાકીના સભ્યો પેસેન્જરના સ્વાંગમાં પાછળની સીટ પર ગોઠવાતા હતા. રસ્તા પર રિક્ષાની રાહ જોતી એકલી વૃદ્ધ મહિલાને રિક્ષામાં વચ્ચે બેસાડી 'બાળક સાથે બેસવામાં અગવડ પડે છે' તેમ કહી આઘાપાછા કરી તકનો લાભ મેળવી ગૌરીબેન પોતાની પાસેના કટર વડે મહિલાની સોનાની બંગડી, ચેન કે મંગળસૂત્ર કાપી લેતી હતી. ત્યારબાદ રિક્ષામાં જગ્યા નથી તેમ કહી વૃદ્ધાને અધવચ્ચે ઉતારી દઈ આ ટોળકી નાસી છૂટતી હતી.

આ ટોળકીએ 2025 અને 2026 દરમિયાન આચરેલા ચોરીના અંદાજે 14 જેટલા વણશોધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

### પકડાયેલા રિક્ષા ગેંગના સભ્યો

કાશીરામ જાદવભાઇ સોલંકી (ઉ.વ.૨૯, રહે., વોરા સાહેબના ફાર્મમાં, રામજી મંદિરની બાજુમાં, મોટી વેડ ગામ સુરત મૂળ ઠળીયા, તા.તળાજા, જિ.ભાવનગર) અરવિંદ કાનજીભાઇ ઘડુક (ઉ.વ.૪૧, ધંધો-બેકાર, રહે., અમીકુંજ સોસાયટી, જોગેશ્વરી ચાર રસ્તા, અમરાઇવાડી, અમદાવાદ મૂળ ગેલમાના મંદિર પાસે, ધોધાવદર, તા.ગોંડલ, જિ.રાજકોટ) શંકરભાઈ કરમશીભાઇ સોલંકી (દેવીપૂજક) (ઉ.વ.૨૫, રહે., અંત્રોલી, કામરેજ, જિ.સુરત, મૂળ ઠળીયા, તા.તળાજા જિ.ભાવનગર) ગૌરીબેન દયારામ જાદવભાઈ સોલંકી (દેવીપૂજક) (ઉ.વ.૩૩, રહે., પાંડેની વાડી, રામજી મંદીરની પાસે, મોટી વેડ, સુરત મૂળ ઠળીયા તા.તળાજા, જિ. ભાવનગર)

# વિધર્મીએ પરિણીત હોવાનું છુપાવી વિધવાને ભોગવી

**ફરિયાદ** થતાં પોલીસે રહેમત અન્સારી નામના આરોપીને ઝડપી લીધો

સુરતઃ સચિન વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક જ કંપનીમાં કામ કરતા વિધર્મી પરણિત યુવકે 27 વર્ષીય વિધવા મહિલાને પોતાની પ્રેમજાળમાં ફસાવી ચાર વર્ષ સુધી શારીરિક સંબંધો બાંધ્યા હતા. જોકે, પ્રેમી પરિણીત હોવાની જાણ થતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે, જેના આધારે સચિન પોલીસે ગુનો નોંધી આરોપી રહેમત અંસારીને ઝડપી સચિન વિસ્તારમાં રહેતી અને એક સંતાનની માતા એવી 27 વર્ષીય હિન્દુ વિધવા મહિલા પખાનગી કંપનીમાં નોકરી કરી ગુજરાન ચલાવે છે. આ જ કંપનીમાં સાથે નોકરી કરતા રહેમત હકીમુદ્દીન અંસારી (ઉ.વ. 30, રહે. સાઈનાથ સુડા, સચિન,મૂળ. ગૌંડા, ઝારખંડ) સાથે તેને ચારેક વર્ષ પૂર્વે પ્રેમસંબંધ બંધાયો હતો. લગ્નની લાલચ આપી રહેમત આ મહિલા સાથે છેલ્લા ચાર વર્ષથી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતો હતો.

દરમિયાન, ફરિયાદી મહિલાને જાણ થઈ હતી કે રહેમત અગાઉથી જ પરિણીત છે અને તેને ત્રણ સંતાનો પણ છે. આ સત્ય સામે આવતા જ બંને વચ્ચે અવારનવાર ઝઘડા શરૂ થયા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા મહિલાએ આખરે ન્યાય માટે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. સચિન પોલીસે આ મામલે ગંભીરતા દાખવી ગણતરીના કલાકોમાં જ ઝડપી લીધો હતો.

### ગાંજા કેસમાં વર્ષા રાયકવારની જામીન અરજી મંજૂર

સુરતઃ સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે ગાંજા કેસમાં આરોપી વર્ષા રાયકવારની જામીન અરજી મંજૂર કરી હતી. કસ્ટમ વિભાગની એઆઈયુ યુનિટે સુરત એરપોર્ટ પરથી 3.11 કરોડનો ગાંજા (કેનાબિસ) સાથે આરોપી વર્ષાની ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપી વિરુદ્ધ NDPS એક્ટની કલમ 20, 23 તથા 8(C) હેઠળ ગુનો નોંધાયો હતો. આરોપી તા. 25/12/2025થી જ્યુડિશિયલ કસ્ટડીમાં હતી અને તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી હતી. આરોપીએ જામીન પર છૂટવા અરજી કરી હતી. આરોપી તરફે વકીલ એમ. વી. રામાણી, મયુર પટેલે જામીન અરજીની તરફેણમાં દલીલો કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

### સુરતમાં અચાનક બેભાન થઈ જતાં રત્નકલાકાર સહિત બેનાં મોત

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થઈ જતા રત્નકલાકાર સહિત બેના મોત થયા હતા. મૂળ ભાવનગરના વતની વિપુલસિંહ વિક્રમસિંહ રાણા (31 વર્ષ) હાલ કતારગામ ગાયત્રી પરિવાર સોસાયટી વિભાગ-3 માં રહેતો હતો. ગુરુવારે બપોરે તેને છાતીમાં દુખાવો થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. અન્ય બનાવમાં, ડિંડોલી ગોકુલધામ ટાઉનશીપમાં ચૌધરી 34 વર્ષીય જયવદન રમેશ પટેલ રહેતો હતો અને ખાનગી કંપનીમાં માર્કેટિંગનું કામ કરી કરતો હતો. ગુરુવારે રાત્રે જયવદન જમીને સુઈ ગયો હતો. દરમિયાન આજે વહેલી સવારે તેની પત્નીએ તેને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે જાગ્યો ન હતો. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# મુલુંડમાં ટ્રેનમાંથી ફેંકી હત્યા કરનાર સુરતમાંથી ઝડપાયો

**કુર્લા** જીઆરપી પોલીસ લોકેશનના આધારે સુરત આવી આરોપી પતિને પકડી લઈ ગઈ

સુરતઃ મુલુંડ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 પર ચાલતી ટ્રેનમાં પત્નીને ધક્કો મારી હત્યા કરી સુરત ભાગીને આવેલા પતિના લોકેશનના આધારે કુર્લા જીઆરપી પોલીસની ટીમ સુરત રેલવે સ્ટેશન પર આવી આરોપી પતિને ઝડપી પાડી મુંબઈ લઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનામાં ૪૨ વર્ષના ઈલેક્ટ્રિશ્યન રાજુ ગુપ્તાએ પોતાની ૩૬ વર્ષની પત્ની પુષ્પા ગુપ્તાને ચાલતી ટ્રેનમાં ૧૩ વર્ષના પુત્રની સામે ધક્કો માર્યો હતો અને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના સ્ટેશન પર લગાવવામાં આવેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેના આધારે મુંબઈ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (GRP)એ કાર્યવાહી કરીને આરોપીની લોકેશનના આધારે સુરતથી ધરપકડ કરી હતી.

### અડાજણમાં તાવથી યુવકનું મોત

સુરતઃ અડાજણમાં તાવથી યુવકનું મોત નીપજ્યું હતું. અડાજણ EWS આવાસમાં રહેતા 30 વર્ષીય અજય વિનોદભાઈ સોલંકીને ત્રણ દિવસથી તાવ આવી રહ્યો હતો. તે મસ્કતિ હોસ્પિટલમાંથી દવા પણ લઈને આવ્યા હતા. દરમિયાન કાલે રાત્રે ઘરમાં તેની તબિયત લથડતાં તેને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

### સામસામા ચેક રિટર્ન કેસની સુરત કોર્ટમાં અનોખી ઘટના

# એજન્ટને બે કેસમાં એક-એક વર્ષની કેદ, વેપારીનો છૂટકારો

**ઉધનાના** એજન્ટ અશોક પટેલ અને અલથાણના વેપારી વિરેન પટેલે સામસામે ચેક રિટર્નના કેસ કર્યા હતા

સુરતઃ સુરતની કોર્ટમાં એકે એવો કેસ આવ્યો હતો કે જેમાં સામસામા ચેક રિટર્નની ત્રણ કેસ નોંધાયા હતા અને તેમાં કાપડના વેપારીનો એક કેસમાં નિર્દોષ છુટકારો થયો હતો. જ્યારે અન્ય બે કેસમાં મોબાઈલનું રિચાર્જ કરનારને એક-એક વર્ષની કેદની સજા તેમજ રૂપિયા ૩૧.૩૦ લાખનો દંડ કરવામાં આવ્યો હતો. ભાગ્યે જ થતાં આવા કેસની વિગતો પ્રમાણે, ઉધના, હરીનગર-3માં પ્લોટ નં.૨૬૧માં રહેતા અને મોબાઈલ રિચાર્જના એજન્ટ તરીકે કામ કરતાં અશોક દેવચંદભાઈ પટેલે અલથાણમાં નર્મદાનગર સોસા.માં 34 નંબરમાં રહેતા અને ઓલિવ નેરોફેબના નામથી ટેક્સટાઈલનો વેપાર કરતાં પાસેથી રૂા.૩૧.૩૦ લાખ ઉછીના લીધા હતા. તેની ચુકવણીના ભરોસા આપવા અશોક પટેલે રૂા.૩૧.૩૦ લાખના ચેકો આપ્યા હતા. દરમિયાનમાં લેણદારોની ભીંસ વધી જતાં અશોક પટેલ સુરત છોડી નાસી ગયા હતા.

અશોક પટેલ વિરેન પટેલનું બેંકનું કામકાજ સંભાળતા હતા. તે વખતે નજર ચુકાવીને છળકપટથી વિરેન પટેલની સહીવાળા ચેકો સરકાવી લીધો હતો અને પોતાના રૂા.૩૧.૩૦ લાખના ચેક બેંકમાં રજૂ નહીં કરવાનું વિરેન પટેલ ઉપર દબાણ ઊભું કર્યું હતું. જોકે, વિરેન પટેલે તેની સામે ચેકરિટર્નના કેસ કર્યા હતા. સામે અશોક પટેલે ચેક રિટર્નની ફરિયાદ કરી હતી.

કેસમાં વિરેન પટેલ તરફે વકીલ સમર્થ કાપડિયાએ રજૂઆત કરી હતી. ત્રણેય ફરિયાદો એક સાથે એક જજ સમક્ષ ચાલી હતી. ત્રણેય ફરિયાદોમાં પુરાવાઓના મુલ્યાંકનના અંતે કોર્ટે વિરેન પટેલને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો અને અશોક પટેલને બંને ફરિયાદમાં એક-એક વર્ષની સજા અને ચેકની કુલ રકમ રૂા.૩૧.૩૦ લાખનો દંડ કર્યો હતો.

### એનડીપીએસ કેસમાં બે આરોપીની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં મળી આવેલાં કરોડો રૂપિયાનાં ગાંજા કેસમાં બે આરોપીની જામીન અરજી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે ફગાવી દીધી હતી. સુરત એરપોર્ટ પર બેંગકોકથી આવેલી ફ્લાઈટના સીટનાં કુશનમા છુપાવેલાં કરોડો રૂપિયાનાં ગાંજા કેસમાં આરોપી અંસુલ ગુપ્તા (યુપી),પરવીન કર્મવીર(હરિયાણા)ની કસ્ટમ વિભાગની એઆઈયુ યુનિટે ધરપકડ કરી હતી. જે કેસમાં આ બંને આરોપીએ સેશન્સ કોર્ટમાં અલગ અલગ જામીન અરજી કરી હતી. કસ્ટમ વિભાગનાં ખાસ સરકારી વકીલ ઈમરાન મલેકે જામીન અરજીનો વિરોધ કરી રજુઆત કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે બંને આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

# 10 લાખ સામે 47 લાખ ચૂકવ્યા છતાં વધુ 45 લાખની ઉઘરાણી


**વૃદ્ધ** દંપતીએ સિક્યુરિટી પેટે આપેલા મકાનના દસ્તાવેજ પર લોન લઈ લીધી

સુરતઃ સુરત શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે. પોલીસ કમિશનરના કડક નિર્દેશો હોવા છતાૉ વ્યાજખોરો બેફામ બની લોકો પાસેથી ગેરકાયદે રીતે ઊંચું વ્યાજ વસૂલી તેમને આર્થિક અને માનસિક રીતે હેરાન કરી રહ્યા છે. ગતરોજ અમરોલી અને ડિંડોલી વિસ્તારમાં વ્યાજખોરીના વધુ બે ગુનાઓ નોંધાતા ફરી એકવાર આ સમસ્યા ચર્ચામાં આવી છે.

અમરોલી વિસ્તારમાં ન્યૂ કોસાડ રોડ પાસે સૃષ્ટિ કો-ઓપ. હાઉસિંગ સોસાયટીમાં રહેતા વૃદ્ધ દંપતી વ્યાજખોરીના જાળમાં ફસાયા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ૭૪ વર્ષીય તારાબેને અમરોલી પોલીસમથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પતિએ વર્ષ ૨૦૧૬માં સારવાર અને ઘરગથ્થું જરૂરિયાત માટે વિક્કી રણજીતભાઈ ચૌહાણ પાસેથી રૂપિયા ૧૦ લાખ ઉછીના લીધા હતા. તેના બદલામાં આરોપીએ મકાનના દસ્તાવેજ સિક્યુરિટી તરીકે રાખ્યા હતા. સમય જતાં ભોગ બનનારે વ્યાજ સાથે કુલ રૂપિયા ૪૭.૪૦ લાખ ચૂકવી દીધા હોવા છતાં આરોપીએ દસ્તાવેજ પરત આપ્યા નહોતા. વધુમાં મકાન પર બેંક લોન લઈ ફરીથી રૂપિયા ૪૫ લાખની માંગણી કરી ધમકીઓ આપતા દંપતી પરેશાન થઈ ગયું હતું.

અંતે તારાબેને પોલીસનો દરવાજો ખટખટાવતા અમરોલી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બીજી તરફ ડિંડોલી વિસ્તારમાં પણ સમાન પ્રકારનો બનાવ સામે આવ્યો છે. સુમુખ સર્કલ પાસે રહેતા કમલેશ શર્માએ નવાગામ વિસ્તારમાં રહેતા તેજા રામબલી મોરિયા પાસેથી સપ્ટેમ્બર ૨૦૨૪માં રૂપિયા ૪૭,૫૦૦ ઉછીના લીધા હતા. તેના બદલામાં કમલેશે કુલ રૂપિયા ૫૭,૨૫૦ પરત ચૂકવી દીધા હતા. છતાં પણ આરોપીએ વધુ રૂપિયા ૫૦ હજારની માંગણી કરી ફોન પર ગાળો આપી જાનથી મારી નાખવાની તથા હાથપગ તોડી નાખવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. સતત હેરાનગતિથી કંટાળીને કમલેશે ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.




# સુરતમાં એસટીની નવી ચાર બસોનું લોકાર્પણ

**કોર્પોરેટર** કેતનભાઈ મહેતાના હસ્તે પાટણ અને મોડાસા રૂટની બસોને લીલી ઝંડી અપાઈ

સુરતઃ અડાજણ ડેપો ખાતે આજે કોર્પો. કેતન મહેતાના હસ્તે નવીન આવેલી 4 'ગુર્જર નગરી' બસોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સુરત વિભાગ ના ડી.ટી.એસ. ઓ.જી. સુરતી અને યુનિયનના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સુરત સીટી ડેપો ના સુપરવાઈઝર સ્ટાફ સહિત મોટી સંખ્યામાં ડ્રાઈવર, કંડકટર અને મિકેનિક કર્મચારીઓ હાજર રહ્યા હતા.

અડાજણ બસ સ્ટેશન ખાતેથી રવાના કરવામાં આવેલી આ નવીન બસો પાટણ અને મોડાસા જેવા લાંબા અંતરના રૂટ પર દોડશે, જેનાથી ઉત્તર ગુજરાત તરફ જતા મુસાફરો ની મુસાફરી વધુ આરામદાયક અને સુગમ બનશે. આગામી દિવસોમાં અન્ય નવી બસો પણ મુકાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### બેગમપુરા, વડવાળી શેરીમાં સ્વામી સમર્થ મઠમાં પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો



સુરતઃ નવરાત્રીના શુભ દિવસોમાં ચૈત્રી સુદ બીજે બેગમપુરા વડવાળી શેરીમાં ગુરુ મહારાજ સ્વામી સમર્થજીનો પ્રાગટ્ય મહોત્સવ યજ્ઞ, હવન, દત્ત યાગ સાથે ઉજવાયો હતો. વર્ષો વર્ષથી થતી આ શ્રદ્ધા પૂજા સવારે ૬/૩૦ કલાકે કેસર સ્નાનથી શરૂ થઈ હતી. જેમાં દત્ત યાગ, લઘુરૂદ્ર, મહા આરતી અને મહા પ્રસાદનું પણ આયોજન કરાયું હતું. સવારથી રાત સુધી ગુરુદેવ સ્વામી સમર્થનું હજારો ભક્તો દ્વારા શ્રદ્ધા સાથે સ્મરણ કરવામાં આવ્યું હતું.

### સગરામપુરાના ઝૈદ ઝાર રંગુનવાલાએ તમામ 30 રોજા રાખ્યા



સુરતઃ શહેરના સગરામપુરા કોપચીવાડ વિસ્તારમાં રહેતા અને ધોરણ 4 માં અભ્યાસ કરતા ઝૈદ ઝાર રંગુનવાલા એ રમઝાન માસના પુરા 30 રોજા રાખી રોજ તરાવીહની નમાઝ અદા કરી અલ્લાહની બંદગી કરી હતી.

### માત્ર 6 વર્ષના સૈયદ મોઈનનવાઝે પ્રથમ રોજો રાખ્યો



સુરતઃ શહેરના વરિયાવી બજાર વિસ્તારમાં રહેતા સૈયદ મોઈનનવાઝ મુખ્તાર ધોરણ 01 માં અભ્યાસ કરતો છ વર્ષના બાળકે પ્રથમ રોજો રાખી અલ્લાહની બંદગી કરી હતી.અને વિશ્વ શાંતિ માટે દુઆ ગુજારી હતી.

### એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટ દ્વારા ગુરુવારે કવિ સંમેલનનું આયોજન


સુરતઃ એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટ દ્વારા કવિતાના રંગ, એકલ મંચ કવિ સંમેલનનું આયોજન ગુરુવાર, 26 માર્ચે સરસાણા સ્થિત ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરના પ્લેટિનમ હોલમાં સાંજે સાડા છ વાગ્યે કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના રાષ્ટ્રીય અધ્યક્ષ સીએ મહેશ મિત્તલ તેમજ સુરત ચેપ્ટરના પ્રમુખ રમેશ અગ્રવાલ (વિનાયક) એ જણાવ્યું કે, કવિ સંમેલનમાં સુપ્રસિદ્ધ કવિ અશોક ચક્રધર, અનામિકા અંબર, શશિકાંત યાદવ, અનિલ અગ્રવંશી, શંભુ શિખર, ગૌરવ શર્મા કાવ્ય પાઠ કરશે. આ દરમિયાન ટ્રસ્ટ દ્વારા શ્રીહરિ વ્યાસ કથાકાર તાલીમ કેન્દ્ર, શ્રીહરિ સંસ્કાર શિક્ષણ કેન્દ્ર, રાષ્ટ્રીય સત્સંગ સ્પર્ધા, દેશની સામે આવી રહેલા પડકારો અને એકલ શ્રીહરિ દ્વારા તેનું સમાધાન, શ્રીહરિ મંદિર રથ વિશે જણાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રતનલાલ દારુકા, પવન ઝુનઝુનવાલા, મહિલા સમિતિના મંજુ મિત્તલ, અંકુર બીજકા સહિત અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### આત્મસંપ્રેક્ષણા જેવો કોઈ ધર્મ નથી, આત્મવંચના જેવો કોઈ અધર્મ નથી: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



બોરિવલીઃ મુંબઈનાં બોરિવલીમાં દોલતનગર ખાતે આવેલ શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયના આરાધનાભવન ખાતે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ, મુનિ પ્રીતદર્શનવિજયજી મ. અને મુનિ પ્રેમદર્શનવિજયજી મ.ની પાવન પધરામણી થઈ હતી. આ રૂડા અવસરે એન. એમ. શાહ પરિવાર કપડવંજવાળા પરિવાર તરફથી સ્વગૃહે ભવ્ય સામૈયું બેન્ડ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સંઘના અને સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પરિવારજનોએ મુંબઈ પ્રવેશોત્સવ પ્રસંગે વિવિધ શૂકનો કરાવ્યા હતા. આ પુનિત પ્રસંગે ધર્મસભાને સંબોધતા આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, આત્મસંપ્રેક્ષણા જેવો કોઈ ધર્મ નથી, અને આત્મવંચના જેવો કોઈ અધર્મ નથી. દરેક વેપારી આજે ધંધો કેવો થયો એની નોંધ રાખતો હોય છે. ફેક્ટરીમાં માલનું પ્રોડકશન કેવું ચાલે છે ? પ્રોડક્ટમાં કાંઈ ફેરફાર તો નથી થયો ને ? તેની નોંધ રાખે છે. માર્કેટમાં નામ કમાવા માટે પણ માણસ ઘણો પરિશ્રમ કરતો હોય છે. દરેક વ્યક્તિએ ચોવીસ કલાક કેવા ગયા એનો પણ હિસાબ રાખવો જોઈએ. 'જેના ચોપડા ચોખ્ખા તેનું જીવન ચોખ્ખું.' એવી ગુજરાતી કહેવત છે.

### સુરતની નિષ્ઠા વાનાણી અને એલિશા પટેલ પેરા એથ્લેટિક ચેમ્પિયનશિપમાં ભાગ લેશે



સુરતઃ શહેરની બે પ્રતિભાશાળી ખેલાડીઓ નિષ્ઠા વાનાણી અને એલિશા પટેલ આવનાર 18 માર્ચ 2026ના રોજ ઓડિશાના ભુવનેશ્વરમાં યોજાનારી 24મી નેશનલ સિનીયર પેરા એથ્લેટિક ચેમ્પિયનશિપમાં ભાગ લેવા જઈ રહી છે. નિષ્ઠા વાનાણી અને એલિશા પટેલ અગાઉ જિલ્લા તેમજ રાજ્ય સ્તરની વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોતાની પ્રતિભા સાબિત કરી ચૂકી છે. તેમના આ શ્રેષ્ઠ પ્રદર્શનના કારણે તેમને હવે રાષ્ટ્રીય સ્તરે પોતાની કુશળતા દર્શાવવાનો મોકો મળી રહ્યો છે. ગૌરવ પરીખ, મેનેજર, પેરા સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત અને આનંદ શાહ, મેનેજર, પેરા સ્પોર્ટ્સ એસોસિએશન સુરત, ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડિકેપ્ડ સુરતએ બંનેને શુભેચ્છાઓ પાઠવી હતી.

### વેસુમાં મહામહિમ લબ્ધીભૂમિમાં ૧૪ મહિનાના વર્ષિતપ પ્રારંભ



સુરત : મહાન પ્રભાવક જૈનાચાર્ય લબ્ધિ સૂરીશ્વરજી મહારાજ ના પુણ્ય નામ થી નિર્મિત સુરતના વેસુમાં મહામહિમ લબ્ધિ ભૂમિમાં સાધનામનીષી જૈનાચાર્ય અજીતયશ સૂરીશ્વરજી મહારાજ, પ.પૂ.આ.ભ. સંસ્કારયશ સૂરીશ્વરજી મહારાજા આદિ વિશાળ શ્રમણ ગણ તથા સા. જિનેન્દ્ર શ્રીજી, સા. વિશુદ્ધમાલા શ્રીજી મ.સા. આદિ વિશાળ શ્રમણી ગણના સાનિધ્યમાં આજે બુધવારથી વર્ષીતપ આરંભ થયો છે. જેમાં 350 થી વધુ વ્યક્તિઓ જોડાયા છે. વર્ષીતપ પ્રારંભના પહેલા દિવસે મુંબઈ નિવાસી પ્રાચી કુમારી શાહ તથા બાળમુમુક્ષુ કશવી કુમારી શાહને દીક્ષાનું મુહૂર્ત અર્પણ કરાવ્યું હતું. બન્ને મુમુક્ષુઓને દીક્ષા તા.૦૩/૦૫/૨૦૨૬ના શુભ મુહૂર્તે દાદર લબ્ધિ સુરી જૈન જ્ઞાન મંદિર માં ભવ્યતમ મહોત્સવ સાથે અર્પણ કરાશે.